
# કિતાબુસ્ સંદકહે



## હરામ કમાણી કરનાર લાનતને પાત્ર

(૧) જ્યારે કોઈ બંદાના પેટમાં હરામ માલનો એક કોળિયો પણ ચાલ્યો જાય અને શરીરનો ભાગ બની જાય ત્યારે આસમાન અને જમીનના તમામ ફરિશ્તા તેની ઉપર લાનત મોકલે છે.

## હરામખોરની ઈબાદત કબૂલ થતી નથી

(૨) જે માણસ હરામ માલનો એક પણ કોળિયો ખાઈલે તો તેની ચાલીસ દિવસની નમાઝો કબુલ નહી થાય અને તે ચાલીસ દિવસ દરમ્યાન તેની કોઈ દુઆ કબૂલ નહી થાય.

(૩) હરામખોરીની સાથે કરવામાં આવતી ઈબાદત એ ભૂરી ભૂરી માટી (રેતી) ઉપર બનેલી ઈમારત જેવી હોય. (એટલે કે એવી ઈબાદત પાયા વગરની છે, અને તેવી ઈબાદત કરનારને કોઈ ફાયદો થતો નથી.)

—અહાદીસે રસૂલ (સ.)

(ગુનાહાને કબીરા ભાગ-૨ માંથી)

# કિતાબુસ્સઁ - સંદકઁહ

શૈખ હુર્રે આમિલી (અ.મ.)ની "વસાઈલુશ-શીયહ" ઉપરથી સંક્ષિપ્તમાં

: રજૂ કરનાર :

(મુલ્લા) અસગરઅલી એમ. એમ. જાફર

લંડન.

: ટાઈપ સેટીંગ ડિઝાઈન :

ઓએસિસ ઓફસેટ પ્રિન્ટ

હાઈકોર્ટ રોડ, ભાવનગર. ફોન : ૪૧૪૭૨૨

: પ્રકાશક :

ધી કાઉન્સીલ ઓફ ગુજરાત

ખો. શી. ઈ. અ. જમાત, કાઉન્સીલ હાઉસ, મહુવા.

ફોન : ૨૩૬૫૪ ફેક્સ : ૨૩૩૩૨

"ત્રણ જણ હરગિઝ જન્નતમાં દાખલ નહિ થાય. એક એ કે જેને તેના મા-બાપે આક કર્યો હોય, બીજો કાયમી શરાબખોર અને ત્રીજો એ કે જે નેકી કર્યા બાદ ઉપકાર કરતો (કહી બતાવતો) હોય."

હ. ઈમામે જઅફર સાદિક (અ. સ.)

**ઈમાનદારોની ચાર નિશાનીઓ છે :-**

**(૧) એમનો ચહેરો ખુશખુશાલ હોય છે.**

**(૨) એમની જીભ મહેરબાન હોય છે.**


**(૩) એના દિલમાં દયા હોય છે.**

**(૪) એના હાથમાં અર્પણ કરવાનો ગુણ હોય છે.**

હ. ઈમામે જઅફર સાદિક (અ. સ.)







## ૧ સદકા માટે તવંગરો, ગરીબો તેમજ કરજદારોને તાકીદ

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.) મે ફરમાવ્યું કે સદકો કરજ અદા કરાવે છે, અને બરકત વધારામાં મુકી જાય છે.

(૨) હ. ઈમામે જઅફરે સાદિક (અ.)મે રસૂલે ખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે સદકો બુરી મૌતથી બચાવે છે.

(૩) હ. ઈમામે જઅફરે સાદિક (અ.) ફરમાવે છે કે, જે અલ્લાહનો બંદો દુન્યામાં સદકો આપી નેકી કરે છે, અલ્લાહ તેની પાછળ તેની પ્રજા અને અવલાદને સારી હાલતમાં રાખે છે. વળી ફરમાવ્યું કે સદકાની નેકી કરજ અદા કરે છે, અને બરકતો મુકી જાય છે.

(૪) હ. ઈમામે મોહમ્મદ બાકીર (અ.) મે ફરમાવ્યું કે દાન અને સદકો બંને ફકીરીને દુર કરે છે, આયુષ્ય વધારે છે. અને દેનારને ૭૦ પ્રકારની બુરી મૌતથી બચાવે છે.

(૫) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) થી રીવાયત કરી છે કે કયામતની જમીન સર્વત્ર તાપથી ગરમ હશે, માત્ર મોમિન છાયામાં હશે, અને તેના ઉપર એણે આપેલા સદકાનોજ સાયો હશે.

(૬) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે, 'હે લોકો ! સદકો આપતા રહો. બેશક સદકો માલમાં અનેકગણો વધારો કરે છે, માટે સદકો

## હદીસ એટલે શું ?

ઈસ્લામી તારીખમાં પયગમ્બરની હદીસોનું સૌ પ્રથમ સંકલન હ. અલી અ. મે કર્યું છે. આપ પયગમ્બર (સ.અ.) પાસેથી અહકામ અને તેના તમામ ખુલાસાઓ ધ્યાનપુર્વક સાંભળીને લખી લેતા અને હીફ્ઝ પણ કરતા. ખુદ પયગમ્બર સ.અ. ના ફરમાનથી . અલી અ. એ અહકામ અને સુન્નતોની કિતાબ તૈયાર કરી, જેનું નામ "અસ્સહીફતુલ જામેઅહ" હતું. બીજી કિતાબ "કિતાબુલ ફરાઈઝ" નામે આપે લખી, જેમાં દીયતના અહકામો લખેલા છે.

## ઈલ્મ કયાંથી મળે ?

"અમો જ રસુલની નિશાની અને સાથીઓ છીએ, અમોજ એમના ઈલ્મના ખજાનચી અને એ શહેરના દરવાજા છીએ અને કોઈ પણ ઘરમાં કે શહેરમાં પ્રવેશ કરવો હોય, તો દરવાજેથી જ જવું જોઈએ. ખુદાની કસમ, રીસાલતના પૈગામની અને રસુલના કલામની સંપુર્ણ ઓળખ અને જાણ મારી પાસે છે. અમે અહલેબૈત હીકમતના દરવાજા છીએ અને અમારી પાસે અલ્લાહના અહકામની રોશની છે."

**-હ. અલી અ. સ. (નહજુલ બલાગાહ)**



## પ્રસ્તાવના...

અલ્લાહના નામથી....

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની તૌફીકથી અમો આ કિતાબને ઈમામે ઝમાના (અ.)ની ખિદમતમાં હદીયારૂપે પ્રસ્તુત કરીએ છીએ.

આ કિતાબનો અસલ ગુજરાતી અનુવાદ અને પ્રકાશન ૧૯૯૦માં થયેલ. હાલમાં આ કિતાબ લગભગ અપ્રાપ્ય છે. તેનો ટૂંકસાર અને મુખ્ય હદીસો લઈને એજ કિતાબનું પુન: પ્રકાશન કરી રહ્યા છીએ. જેનો મુખ્ય હેતુ સમગ્ર મુસ્લીમ જગતમાં સદકો એટલે કે અલ્લાહની ખુશી માટે આપવામાં આવતા પૈસા કે મદદ કઈ રીતે, કયારે અને કોને, કેવા સંજોગોમાં કરવો જોઈએ, તેનાથી વાકેફ કરવાનો છે. આ કિતાબ જે મુળ કિતાબનો અનુવાદ છે તેના લેખક બહુજ મોઅતબર અને મહાન વિદ્વાન હતા.

આ કિતાબમાં સદકાના અર્થ ઘટનથી લઈને સદકો કોના હાથે, કયા સમયે આપવો, તેની ફઝીલત અને સદકો આપવાની સાથે જરૂરત વગર માંગવાની ખરાબી સાથે ભુખ્યા મોમિનને જમાડવા અને મોમિનોની મદદ કરવાની ફઝીલત હદીસોના પ્રકાશમાં દર્શાવાઈ છે.

સમગ્ર મુસ્લીમ જગત, ઈસ્લામના પવિત્ર પયગમ્બર (સ.)અને ઈમામોએ આપેલા માર્ગદર્શન મુજબ જીવન વ્યતીત કરે તો જ મુસલમાનોનું જીવન સાર્થક બની શકે.

અંતમાં બારગાહે ઈલાહીમાં દુઆ ગુઝારીએ છીએ કે તમામ મુસ્લીમ જગતને શરીઅતે મોહંમદી અનુસાર જીવન જીવવાની પ્રેરણા આપે અને અમારી આ નાનકડી ખિદમતને કબુલ ફરમાવે. (આમીન)

**-ધી કાઉન્સીલ ઓફ ગુજરાત (મહુવા)**

આપો, અલ્લાહ તમારા ઉપર રહમ કરે."

(૭) રીવાયત છે કે એકવાર હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે પોતાના ફરઝંદ મોહમ્મદને કહ્યું : શું તને ખબર નથી કે દરેક વસ્તુની એક ચાવી હોય છે, અને રોઝીની ચાવી સદકો છે.

(૮) હઝરત ઈમામે મુસા કાઝિમ (અ.સ.) મેં ફરમાવ્યું છે કે, "સદકો આપી રોઝી પામો."

(૯) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) મેં ફરમાવ્યું : "સદકો આપી રોઝી પામો. બેશક જેને અલ્લાહ પાસેથી બદલાની ખાત્રી હોય છે, તે છુટથી ફકીરોને અતા કરે છે. અલ્લાહ નાણાના વપરાશ સામે જ તેની સરખામણીમાં રોઝી નાઝિલ કરે છે."

(૧૦) હ. ઈમામે મોહમ્મદ બાકિર (અ.સ.) મેં ફરમાવ્યું કે, હઝરત અલી (અ.સ.) મે કહ્યું છે કે, એકવાર મેં એક દીનાર સદકામાં આપ્યો, તો પયગમ્બર (સ.અ.) એ મને કહ્યું : "યા અલી ! જાણો છો કે જ્યારે મોમિન પોતાના હાથમાંથી સદકો આપી દીએ છે, ત્યારે સિત્તર (૭૦) શયતાનોની જાળમાંથી મુકિત પામે છે, જે શયતાનોમાંનો દરેક તેને કહેતો હોય છે કે, "હે ફલાણા સદકો દેજે નહિ." હે અલી ! માગનારના હાથમાં સદકો જાય એના પહેલાં એ પરવરદિગારના હાથમાં પહોંચે છે." ત્યારબાદ પયગમ્બર (સ.અ.) મેં આ આયત તિલાવત કરી : "શું તેઓ નથી જાણતા કે અલ્લાહ જ પોતાના બંદાઓની તવબા કબૂલ કરે છે અને સદકાઓ સ્વીકારે છે, અને ખચિત અલ્લાહ તવબા કબુલ કરનાર દયાળુ છે." (સૂ. તવબા, ૧૦૪)



(૧૧) હ. ઈમામે રિઝા (અ.સ.) મે પયગમ્બર (સ.અ.) થી રિવાયત કરી કે તવહીદનો અકીદો એ ધર્મનો અડધો ભાગ છે, અને હે લોકો, સદકો આપી રોઝી નાઝિલ કરાવો.

(૧૨) હ. ઈમામે રિઝા (અ.સ.) મે પયગમ્બર (સ.અ.)થી રિવાયત કરી છે કે માણસના ધનનો સર્વોત્તમ ભાગ અને તેની ખરી પુંજી તેણે આપેલો સદકો છે.

(૧૩) હ. રસૂલે ખુદા (સ.અ.વ.) મે ફરમાવ્યું કે, "વહેલી સવારે સદકો આપો, કે તેમ કરવાથી બલાઓ તમારા સુધી પહોંચશે નહિ."

(૧૪) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) મે હ. અલી (અ.સ.) થી રિવાયત કરી છે કે, સદકો જહન્નમની આગ સામે ઢાલ છે.

(૧૫) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) મેં ફરમાવ્યું કે હ. રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવતા હતા કે, "હે લોકો, તમારા બિમારોનો ઈલાજ સદકા વડે કરો."


(૧૬) નહજુલ બલાગહમાં અમીરૂલ મોઅમેનીન હ. અલી (અ.સ.)મે ફરમાવ્યું છે કે, જ્યારે તમારી કમાણી ઘટવા પામે, અને રોઝીની તંગી જણાય ત્યારે સદકો આપી અલ્લાહ સાથે તિજારત કરો.

## ૨ બિમારો માટે સદકો સુન્નત છે

(૧) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું કે તમારા મરીઝોની દવા સદકા થકી કરો, અને દુઆ કરી આફતોને રોકો,

અને સદકો આપી બહોળી રોઝી મેળવો, કે સદકો તમને સિત્તેર (૭૦) શયતાનોની જાળમાંથી મુકત કરે છે.

(૨) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) ની ખિદમતમાં હાજર એવાં અમુક લોકોએ એકવાર પોતાના દર્દોની શિકાયત કરી, ત્યારે હઝરતે ફરમાવ્યું : "તમારી બિમારીઓનો સદકો આપી ઈલાજ કરો, અગર ઈન્સાન પોતાના એક દિવસની જરૂરીયાત જેટલી પણ ખયરાત કરે, તો ઘણીવાર અલ્લાહ નિર્માણ થયેલી મોતને પણ ટાળી નાખે છે.




## 3 પોતાની અવલાદ વતી સદકો આપો અને બચ્ચાઓને પોતાને હાથે સદકો આપવાનું કહો-અગરચે થોડું પણ કેમ ન હોય

(૧) હ. ઈમામે રિઝા (અ.સ.) ને કોઈ સહાબીએ કહ્યું કે મારા બે બચ્ચાઓ ગુજરી ગયા. અને હવે એક નાનું બચ્ચું બાકી છે. હઝરતે તુરત ફરમાવ્યું કે એના વતી સદકો કાઢ, ત્યાર પછી હઝરત એકવાર એ સહાબીને ઘરે ગયા, અને કહ્યું "આ બાળકને પોતાના હાથે સદકો દેવાનું કહે, ભલે તે મુઠ્ઠીભર હોય અથવા એક ટુકડો હોય." યાદ રાખ કે સાચી નીય્યતથી અલ્લાહની ખુશ્નુદી માટે આપવામાં આવેલી થોડી ખયરાત અલ્લાહની નજદીક મહાન છે.

(૨) હ. ઈમામ મુસા કાઝીમ (અ.) પાસે એક શખ્સે પોતાના દીકરા સંબંધે વાત કરી, આપે ફરમાવ્યું : "તેના વતી સદકો આપી દે" તેણે કહ્યું કે મારો દિકરો ઉંમર લાયક છે. હઝરતે કહ્યું કે એને હુકમ



કર કે પોતાને હાથે સદકો આપે, ભલે તે રોટલીનો એક ટુકડો હોય.



## ૪ પોતાને હાથે સદકો આપો. ખાસ કરીને જે બિમાર હોય તે પોતાના હાથે સદકો કાઢી જેને દીએ તેની પાસે દુઆની યાચના કરે.

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું કે પોતાને હાથે સદકો દેવાથી બૂરી મોત ટળે છે. સિત્તેર (૭૦) પ્રકારની બલાઓ દફે થાય છે અને સિત્તેર (૭૦) શયતાનના ફંદામાંથી નજાત મળે છે, જેમાંનો દરેક શયતાન સદકો આપનારને કહેતો હોય છે "હે ફલાણા, સદકો કાઢજે નહિ."

(૨) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે બિમારે પોતાના હાથે સદકો દેવો જોઈએ, અને જેને દીએ તેની પાસેથી દુઆની માંગણી કરે.

(૩) હ. રસલે ખુદા (સ.અ.વ.) મે પોતાના મુખ્તસર કલામમાં ફરમાવ્યું કે ઉપલો હાથ (દેવાવાળો) નીચલા હાથ (લેનારનો) કરતાં બેહતર હોય છે.

(૪) હ. રસુલે ખુદા (સ.અ.વ.) મે ફરમાવ્યું હાથો ત્રણ જે. એક તો અલ્લાહનો હાથ કે જે સૌથી બુલંદ છે. કારણ કે ખરી નેઅમતો એની જ છે. ત્યાર પછી દેવાવાળાનો હાથ, કે જે અલ્લાહની રાહમાં દીએ છે અને સૌથી નીચલો હાથ, એ લેનારનો છે. માટે હે લોકો જે કાંઈ બચે તે અલ્લાહની રાહમાં આપી દો અને પોતાના નફસને મજબુર ન કરો.

## ૫ વારંવાર અને વધુ પ્રમાણમાં સદકો આપવો મુસ્તહબ છે.

(૧) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું કે "સદકા વિષે એટલું જ કે તેના માટે કોઈ કચાશ રાખજો નહી. એટલું આપજો કે તમને એમ લાગે કે ઈસરાફ (દુર્વ્યય) કરો છો, પણ યાદ રાખજો કે તે ઈસરાફ નથી."

## ૬ સદકો કાઢવો ચાહે ગમે તેટલા ઓછા પ્રમાણમાં હોય, ગની અને ફકીર બંને ઉપર મુસ્તહબ છે.

(૧) હ. ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) મે ફરમાવ્યું કે "ખજુરની પેશીનો પણ એક ભાગ આપી જહન્નમની આગથી બચો, સદકો આપી બહોળી રોઝી આસમાનથી નાઝીલ કરાવો અને દુઆઓ વડે બલા દફે કરો. યાદ રાખો કે સદકો દેવાથી કોઈ કાળે દવલત ઓછી થતી નથી અને સગાવ્હાલાઓમાં અગર કોઈ મોહતાજ હોય, તો અન્ય સદકો આપવો એ સદકો નથી."

(૨) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું : "ખુદા ફરમાવે છે કે, સદકા સિવાય એવી કોઈ ચીજ નથી કે જે જાહેરમાં બીજાને સુપ્રત થતી હોય, પણ તેનો ખરો વકીલ હું જ હોઉં, ખચિત હું એ સદકાને હાથોહાથ લઈ લઉં છું, ભલે તે ખજુરની એક પેશી કેમ ન હોય. અને તેની પરવરીશ કરૂં છું, જેવી રીતે ઈન્સાન પોતાના બચ્ચાઓની પરવરીશ કરે છે. જ્યારે તે સદકો દેનાર કયામતમાં આવશે ત્યારે પોતાની એ ભલાઈને ઓહદ પહાડ બલ્કે એથી પણ વધુ મહાકાય નિહાળશે."



## ૭ દરરોજ વહેલી સવારે સદકો આપો, અને તે માટે નિય્યત જરૂરી છે.

(૧) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) એ રસુલે ખુદા સ.થી રિવાયત કરી છે કે, આપે ફરમાવ્યું : "વહેલી સવારે સદકો આપો, કારણ કે તેમ કરવાથી બલા દુર થાય છે."

(૨) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે સવારના પહોરમાં સદકો દેવાથી તે દેનાર ઉપરથી દિવસભરની નુહુસત, અલ્લાહ દૂર કરે છે.

(૩) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે, વહેલી સવારે સદકો આપો, અને રગબત સાથે (લાગણી પૂર્વક) આપો.

(૪) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે, એકવાર પયગમ્બર (સ.અ.વ.) મે એક જણને પૂછ્યું : "આજે રોઝો રાખ્યો છે ? " તેણે કહ્યું : "ના, યા રસુલુલ્લાહ." ફરી હઝરતે પૂછ્યું, તો આજે કોઈ બિમારની અયાદત કરી છે ? તેણે ફરી જવાબમાં ના પાડી. વળી હઝરતે પૂછ્યું : કોઈ જનાઝાની મુશાયઅત કરી છે ? તેણે ફરી જવાબ નકારમાં આપ્યો. છેલ્લે આપે પૂછ્યું, "કોઈ ફકીરને જમાડયો છે ? તેણે કહ્યું "ના, યા રસુલુલ્લાહ" એટલે આપે ફરમાવ્યું , "જા તારા ઘરવાળાઓ પાસે જા, અને તેમની સાથે નેક સુલુક અને સારો વર્તાવ કર કે એ તારા તરફથી એ લોકો માટે સદકો છે."

## ૮ દિવસ ઉગે ત્યારે, રાત પડે ત્યારે અને નુહુસતની ઘડીએ ઘરની બહાર નીકળો ત્યારે સદકો આપો

(૧) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું :પયગમ્બરે અકરમ (સ.અ.વ.) મે ફરમાવ્યું કે જે કોઈની ઈચ્છા હોય કે અલ્લાહ તેને દિવસની નુહુસતથી બચાવે, તો તે સદકાથી દિવસની શરૂઆત કરે, અને જે રાતની નુહુસતથી બચવા માંગતો હોય, તોતે રાત પડતાં સદકો કાઢે.

(૨) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું : "રાત્રે સદકો કાઢવો અલ્લાહના ગઝબને દૂર કરે છે, ભારે ગુનાહો માફ થાય છે, અને કયામતના દિવસે હિસાબની આસાની માટે કારણરૂપ બને છે. દિવસનો સદકો માલમાં વૃદ્ધિ કરે છે, અને આયુષ્ય લાંબુ કરે છે."

(૩) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે દિવસે આપવામાં આવેલો સદકો ગુનાહોને એવી રીતે ઓગળાવે છે, જેવી રીતે નિમક પાણીમાં ઓગળે છે. રાતના આપવામાં આવેલો સદકો અલ્લાહના ગઝબને દૂર કરે છે.

## ૯ સુન્નત સદકો જાહેરમાં દેવા કરતાં છુપી રીતે દેવો બહેતર છે.

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું કે જાહેરમાં સદકો દેવાથી સિત્તેર (૭૦) જાતની બલાઓ રદ થાય છે, પણ છુપી રીતે સદકો આપવાથી ગઝબે ઈલાહી દૂર થાય છે.



(૨) હ. ઈમામે મોહમ્મદે બાકિર (અ.સ.) મે ફરમાવ્યું કે નેકી અને ખાનગીમાં અપાએલો સદકો ફકીરીને ટાળે છે, આયુષ્ય લાંબુ કરે છે અને સિત્તેર (૭૦) પ્રકારની બુરી મોતને દૂર કરે છે.

(૩) આપે (અ.) ફરમાવ્યું કે કયામતના દિવસે જ્યારે કોઈ સાયો નહિં હોય ત્યારે સાત પ્રકારના માણસો એવા હશે કે જેમના ઉપર અલ્લાહ, તરફથી સાયો હશે. તેમાંનો એક એ કે જેણે ખાનગીમાં એવી રીતે સદકો આપ્યો હશે કે જમણા હાથને ખબર નહિ હોય કે ડાબા હાથે શું આપ્યું ?

## ૧૦ રાત્રે સદકો આપવો મુસ્તહબ છે.

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું : "રાત્રે સદકો દેવાથી અલ્લાહનો ગઝબ શાંત થાય છે, મહાન ગુનાહ અલ્લાહ મિટાવી દે છે, અને કયામતનો હિસાબ આસાન થાય છે."

(૨) મૌતની તૈયારી માટે બે બાબતો અગત્યની છે, એક તો એ કે હરામથી બચો, અને બીજું એ કે અલ્લાહની રાહમાં માલની કુરબાની આપો."

(૩) હઝરત અલી (અ.સ.) ના અમુક કલામોમાં છે કે :

- તમારા બિમારોનો ઈલાજ સદકા વડે કરો.
- સદકો આપી રોજીના વધારા માટે કારણ ઉપસ્થિત કરો, બલા આવે એ પહેલાં દફે બલા માટે દુઆ કરો. તેનાથી નજાત પામશો.

## ૧૧ મુબારક દિવસો અને માહે રમઝાનમાં સદકો આપવો ફઝીલત ધરાવે છે.

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું : "જુમ્આના

દિવસે સદકો આપવાનો સવાબ અનેકગણો હોય છે."

## ૧૨ સદકો ક્યારે આપવો ?

(૧) હ. રસૂલે ખુદા (સ.અ.) ને કોઈ સહાબીએ પૂછ્યું : "હે અલ્લાહના રસૂલ, સૌથી ઉત્તમ સદકો કયો છે? આપે ફરમાવ્યું : "એ વખતનો સૌથી અફઝલ છે કે જ્યારે દેનાર સહી સલામત, તંદુરસ્ત અને આશાભરી ઝિંદગી ગુઝારતો હોય, અને ફકીરીથી ડરતો હોય. અંત:કાળના સમય સુધી ઢીલ ન કરો કે જ્યારે જાન ગળા સુધી આવીને અટકી હોય, ત્યારે તમે કહો કે ફલાણા ગરીબને આટલું અને ફલાણાને આટલું આપજો. ખચિત ફલાણો અગર હકદાર હતો, તો એનો હક પણ પહેલેથી સાબિત હતો જ, શા માટે છેલ્લી ઘડી સુધી વાટ જોઈ ?"

(૨) કોઈએ હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) પાસેથી નસીહત યાચના કરી, તો આપે ફરમાવ્યું, "સફરનું ભાથું તૈયાર કરી લે, અને તે ભાથું પહેલેથી મોકલી આપ. તારા નફસ માટેનો વસી પોતે બન, એટલે કે જે તારી ઈચ્છા ખયરાતની હોય, તે પોતે પોતાના હાથે કરી લે, અને જે તારા ફાયદાની બાબત છે, તેની જવાબદારી બીજાને સુપ્રત કરીને ન જા."

## ૧૩ રાત્રે માગનારને પાછો ન ફેરવો

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે પોતાના બાપદાદાઓથી રિવાયત કરી કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ફરમાવતા :



"જ્યારે કોઈ રાત્રે તમારૂં બારણું ખખડાવે અને મદદ માગે, ત્યારે તેને નિરાશ કરશો નહિં, ખાસ કરીને જો તે પુરૂષ હોય.

## ૧૪ તમામ સુન્નત ઈબાદતોમાં સદકાની વિશિષ્ઠતા

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : "ખુદાવંદે કરીમે કહ્યું છે કે દરેક વસ્તુ અને અમલ માટે મેં જવાબદાર વકીલો નિમ્યા છે કે જે તેની સંભાળ રાખે છે, સિવાય સદકો, કે એને હું પોતે હાથોહાથ સ્વીકારી લઉં છું.

## ૧૫ સગાને પ્રાથમિકતા આપો

(૧) "યા રસુલુલ્લાહ, સૌથી શ્રેષ્ઠ સદકો કયો ?" આપે ફરમાવ્યું : "એ કે, જે નજીકના સગાઓને અપાય, ભલે પછી એ સગાઓ સાથે મનદુ:ખ થયું હોય."

## ૧૬ સાઈલને પાછો ફેરવવો મકરૂહ છે – અગર તેના હકદાર હોવા સંબંધે શક હોય, તો પણ થોડું જરૂર આપો, અને દેવા માટે કોઈ ચીજ ન હોય, તો મહેરબાની અને સારા શબ્દોથી સાઈલને પાછો વાળો.

(૧) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે હ. રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવતા : "હરગીઝ સાઈલને પાછા ન ફેરવો. અગરચે અસહ્ય સંકટનો મુકાબલો હોય."

(૨) હ. ઈમામે મોહમ્મદ બાકિર (અ.સ.) એ ફરમાવ્યું કે મુનાજાત વેળાએ પરવરદિગારે હ. મુસા અ.ને કહ્યું તેમાંની એક વાત એ

હતી કે : 'હે મુસા ! થોડું આપની પણ સાઈલનું માન જાળવ, અને એ પણ ન હોય, તો માનભેર, મહેરબાની અને પ્રેમ સહિત ઉઝ્ર (ક્ષમા) ચાહજે.

## ૧૭ ત્રણવાર આપી દીધા પછી સાઈલને રદ કરી શકાય છે

(૧) વલીદ બીન સબીહ કહે છે કે હું હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) પાસે હતો, ત્યાં એક સાઈલ આવ્યો. આપે તેને કાંઈ આપ્યું. ત્યારબાદ બીજો માગનાર આવ્યો અને આપે તેને પણ કાંઈ આપ્યું એવી જ રીતે ત્રીજા માગનારને પણ આપ્યું ત્યારપછી ચોથા માગનારને આપે કહ્યું : "અલ્લાહ તારા માર્ગ મોકળો કરી આપશે." ત્યારપછી આપે ફરમાવ્યું : 'અગર કોઈ શખ્સ પાસે ત્રીસ-ચાલીસ હજાર દીરહમ હોય અને આખીએ રકમ ખર્ચી નાખવા ઈરાદો કરે જેના પરિણામે તેની પાસે કાંઈ ન રહેવા પામે, તો તે એવા ત્રણ પ્રકારના લોકોમાં ગણાશે જેમની દુઆ રદ કરવામાં આવે છે." મે કહ્યું : "એ ત્રણ પ્રકારના લોકો કોણ છે ?" આપે ફરમાવ્યું 'એમાંનો એક એ કે જેની પાસે માલ હોય અને તે સર્વે ખર્ચી નાખ્યા બાદ દુઆ કરે કે હે પરવરદિગાર, મને રોઝી આપ. ત્યારે જવાબમાં ખુદા ફરમાવે છે કે, 'હે બંદા, શું રોઝી પામવા માટે મે તારો માર્ગ મોકળો નથી કર્યો ?"

## ૧૮ આપનારે દુવા માટે વિનંતી કરવી અને લેનારે દુવા કરવી બંને મુસ્તહબ છે

(૧) અબુબસીરે હ. ઈમામ જાઅફરે સાદિક (અ.સ.)થી રીવાયત કરી કે હ. અલી બીન હુસૈન (અ.સ.)મે ફરમાવ્યું, "જ્યારે કોઈ શખ્સ



કોઈ નિસહાય, નિરાધાર ફકીરને મદદ કરી કાંઈ આપે છે, અને એ ઘડીએ ફકીર તેના હકમાં કાંઈ દુઆ કરે છે, ત્યારે તે દુઆ અવશ્ય કબુલ થાય છે.

## ૧૯ મુસ્તહીક સુધી સદકો પહોંચાડવા મદદરૂપ થવું મુસ્તહબ છે.

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે દેવાવાળા ત્રણ છે; એક તો ખુદ અલ્લાહની જાત કે જે તમામ જહાનનો પાલનહાર છે. બીજો સાહેબે માલ અને ત્રીજો એ કે જેના હાથે મુસ્તહીક સુધી પહોંચાડવામાં આવે છે.

(૨) અબુ બસીરે હ. ઈમામે મોહમ્મદ બાકીર (અ.સ.) થી રિવાયત કરી કે એમણે ફરમાવ્યું, "દેવાવાળા ત્રણ છે. પ્રથમ ખુદાવંદે કરીમની જાત, બીજો એકે જે પોતાના માલમાંથી અતા કરે છે, અને ત્રીજો એકે જે પહોંચાડવામાં મદદરૂપ થાય છે.

## ૨૦ પોતાના નફસને સંકટમાં મૂકીને થોડો ભાગ આપવો પણ મુસ્તહબ છે

(૧) કોઈએ હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ને બેહતરીન સાથીઓ વિષે પૂછ્યું, આપે કહ્યું : 'જે લોકો પોતાના દીની ભાઈઓ સાથે સુખ અને દુઃખના ટાણે નેકી કરતા રહે છે." ત્યારબાદ ફરમાવ્યું કે, 'હે જમીલ, જેની પાસે ઘણું છે, તેના માટે નેકી કરવી આસાન છે. અલ્લાહે તો એવાઓની તારીફ કરી છે જેમના પાસે ઓછું હોય અને નેકી કરે. કુરઆનમાં ખુદા ફરમાવે

છે, **"વયુઅસીરૂન અલા અન્ફુસેહીમ વલવ કાન બેહીમ ખસાસતુન વ મન યૂક શુહહ નફસેહી ફઉલાઈક હુમુલ મુફલિહુન"** (સુ. હશ્ર-આ.-૯) અને તેઓ પોતાના નફસ ઉપર બીજાઓનો તરજીહ (અગત્યતા) આપે છે, અગરચે પોતે તંગદસ્તીઓમાં ઘેરાએલા હોય છે. અને જેણે પોતાને પોતાના નફસની લાલચથી બચાવ્યો તે લોકો જ નજાત અને મુરાદ પામનાર છે."

(૨) હ. ઈમામ મૂસા બીન જાઅફર સાદિક (અ.સ.) ને અલી બીન સુવેદ અસ્સીનાનીએ અરજ કરી : "મવલા મને વસીય્યત કરો." આપે કહ્યું : "તકવા ઈખ્તીયાર કર. અને અલ્લાહથી ડર." ત્યાર પછી આપ ખામોશ રહ્યા ત્યારે એણે કહ્યું : "મવલા, બેહદ તંગદસ્ત છું. હું બીલકુલ નિઃવસ્ત્ર છું, એમ સમજો કે મારા શરીર ઉપર કોઈ કપડું ન હોત, અગર ફલાણા શખ્સે પોતાના શરીર ઉપરથી બે કપડાં ઉતારી દઈ મને પહેરાવી દીધાં ન હોત."

જવાબમાં મવલાએ કહ્યું, "રોઝા રાખ અને સદકો આપ." એણે આશ્ચર્યથી કહ્યું : લોકો જે મારી સાથે નેકી અને ઉપકાર કરે છે, તેમાંથી આપું ? એમાંથી હું કેટલું આપી શકું ?" ફરમાવ્યું : "જે કાંઈ અલ્લાહ રોઝી પહોંચાડે છે, તેમાંથી સદકો આપ, તેમ કરવા જતાં તારા નફસ ઉપર બીજાની જરૂરતને તરજીહ દેવી પડે."

(૩) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવ્યું : "મારા પિતાશ્રીએ હ. રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી છે કે સદકો દેનારે દેતી વેળા પોતા ઉપર આધાર રાખતા જીવોને પ્રથમ દેવું જોઈએ; તેમાં નજીકનો સગો હોય તેને પ્રથમ આપે અને ત્યારબાદ તબક્કાવાર દૂરના સગાઓને આપે."



(૪) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) થી રિવાયત કરી છે. આપે ફરમાવ્યું "દરેક ઉત્પન્ન થયેલી વસ્તુ માટે અલ્લાહે સાચવનાર ખાઝીન નિયુક્ત કર્યો છે, સિવાય સદકાના, કે તેની જાળવણી ખુદ પરવરદિગાર ફરમાવે છે.

## ૨૧ સદકાથી બરકત

(૧) હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું : "ખચિત સદકો કર્જને અદા કરે છે, અને બરકતોની પરંપરા લાવે છે."

## ૨૨ જરૂરત વિના માંગવું હરામ છે

(૧) મુહમ્મદ બિન મુસ્લીમે હ. ઈમામે મોહમ્મદે બાકિર (અ.સ.)થી રિવાયત કરી કે આપે ફરમાવ્યું : "હે મોહમ્મદ, અગર ભીખ માગનાર સવાલ કરવામાં રહેલી બુરાઈને સમજી લીએ, તો કદી કોઈ સામે હાથ લાંબો ન કરે, અને દેનાર અગર દેવાની ભલાઈ જાણી લીએ તો કદી કોઈ પોતાનો હાથ રોકે નહિ." ફરી આગળ જતાં કહ્યું : "ખચિત, જે ગની હોવા છતાં માગતો ફરે, તે કયામતના દિવસે જખ્મી ચહેરા સાથે પોતાના રબની મુલાકાત કરશે !"

## ૨૩ જરૂરત વગર માગવા સામે અણગમો

(૧) અબુ બસીરે હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી કે હ. રસૂલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં અન્સાર કબીલાના અમુક ભાઈઓ આવ્યા, સલામ કરીને બેઠા, આપે સલામનો જવાબ આપ્યો. તેઓએ અરજ કરી: "યા રસૂલલ્લાહ અમારી એક હાજત છે." આપે ફરમાવ્યું : "હાજત બયાન કરો." તેઓ કહેવા લાગ્યા : "એ ઘણી જબરદસ્ત હાજત છે." આપે ફરમાવ્યું : "બયાન તો કરો કે કઈ હાજત છે." કહેવા લાગ્યા, "હાજત એ છે કે આપ અમારા માટે જન્નતમાં દાખલ થવાની જામીનગીરી આપો."

રસૂલે ખુદા (સ.અ.) મે આ સાંભળીને પોતાનું માથું ઝુકાવ્યું, અને આંગળીઓ વડે જમીન ખોતરવા લાગ્યા થોડીવારે માથું ઊંચુ કરી ફરમાવ્યું : "એ શરતે આપું કે તમારે કોઈ કાળે કોઈ પાસેથી કાંઈ પણ માંગવું નહિ."

(૨) હ. રસૂલે ખુદા (સ.અ.વ.) મે ફરમાવ્યું , જેણે અમારી પાસે માગ્યું તેને અમે આપી દીધું અને જેણે બેનિયાઝી કરી તેને અલ્લાહે ગની કરી દીધો."

## ૨૪ મોહતાજી-તંગદસ્તી જાહેર કરવી મકરૂહ છે

(૧) કુલયનીએ કહ્યું છે કે હ. લુકમાને પોતાના ફરઝંદને શિખામણ આપતાં કહ્યું : "હે પુત્ર, મેં કડવી દવા અને વૃક્ષની છાલ ચાખી જોઈ, પણ તંગદસ્તીથી વિશેષ કડવી કોઈ વસ્તુ જણાઈ નહિ. અગર તેને એવો અનુભવ થાય, તો હરગીઝ પોતાની હાજત લોકો પાસે જાહેર કરજે નહી, કારણકે તુ એમની નજરમાં હલકો થઈશ અને એ લોકો તને કોઈ લાભ પહોંચાડશે નહી. બલ્કે જેણે તારી અજમાઈશ કરી છે એ જ માલિક પાસે માગ, કે ખચિત એજ દુ:ખને ટાળવા શકિતમાન છે, એની પાસે જ માગ. કોણ છે કે જેણે એની પાસે યાચના કરી અને ખાલી હાથ રહ્યો, અને કોણ છે કે જેણે એના ઉપર વિશ્વાસ મૂકયો અને નામુરાદ રહ્યો.

## ૨૫ લોકોથી બેનિયાઝ રહેવું મુસ્તહબ છે

(૧) હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : "જ્યારે તમારામાંથી કોઈ એમ ઈચ્છે કે અલ્લાહ તેની દરેક હાજત કબૂલ કરે, તો પ્રથમ તમામ લોકોથી બેનિયાઝ થઈ જાય. અલ્લાહ સિવાય કોઈથી આશા - ઉમ્મેદ ન રાખે, જ્યારે પોતાના દિલને એ રીતે મક્કમ જુએ ત્યારે સમજી લીએ કે જે માગશે એ અલ્લાહ અતા ફરમાવશે."



(૨) હ. ઈ. જઅફર સાદિક (અ.) મે ફરમાવ્યું કે એક અરબે હ. રસૂલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં અરજ કરી "અય મુહમ્મદ મને એક એવો અમલ સુચવો કે જેથી ખુદા મારાથી રાજી રહે." આપે જવાબમાં ફરમાવ્યું : "દુનિયા-સંસારના મોહનો ત્યાગ કર, પરિણામે ખુદાની મુહબ્બત મેળવીશ અને લોકોની માલમત્તા-દવલતથી બેનિયાઝ રહે, તો લોકોની નજરમાં માનવંતો રહીશ."

## ૨૬ ભલાઈ કર્યા-સદકો આપ્યા પછી ઉપકાર બતાવવો ન જોઈએ

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે પોતાના પૂર્વજો મારફતે રસૂલે ખુદા (સ.અ.વ.) થી રિવાયત કરી, જેમાં ફરમાવે છે : "જેણે પોતાના મોઅમીન ભાઈ સાથે નેકી કરી અને ત્યાર પછી તેના ઉપર ઉપકાર કર્યો (કહી બતાવ્યો) ખુદા તેના અમલને રદ કરે છે. એ ઉપકાર કરનાર ઉપર ભાર બાકી રહે છે અને તેની નેકી માટે ખુદા તરફથી કોઈ અજ્ર મળતો નથી." ત્યાર પછી ઈ. અ. મે ફરમાવ્યું, "અલ્લાહ ફરમાવે છે કે મેં ઉપકાર કરી, કહી બતાવનાર ઉપર, કંજુસ ઉપર અને કુથલીખોર ઉપર જન્નત હરામ કરી છે. જાણી લ્યો કે જે સદકો આપે છે, અને તેને દરેક દિરહમ ભાર બદલે ઓહદના પહાડ જેટલી જન્નતની નેઅમતો આપીશ અને જે હાજતમંદ સુધી સદકો પહોંચાડવા માટે મદદરૂપ થાય છે તેને સદકો દેનાર જેટલો જ સવાબ મળે છે, અને બન્નેમાંથી કોઈના અજ્રમાં લેશમાત્ર ઘટાડો થતો નથી."

## ૨૭ માંગે તે પહેલા આપો

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું : "ખરી નેકી એ છે કે જે વણમાગ્યે અપાય, માગ્યા બાદ જેને આપો એનો અર્થ એ થાય કે તેની આબરૂનો જાણે બદલો આપ્યો. એ બિચારો આખી રાત આશા-નિરાશા વચ્ચે ટળવળતો રહ્યો હશે, કોની

પાસે જવું અને ક્યાં જવું, એ વિચારતો હશે, અને ત્યાર પછી ધડકતે દિલે, ધ્રુજતે અંગે શર્મનો માર્યો, અસ્વસ્થ મને તારી સામે આવવું પડ્યું હશે."

## ૨૮ દયા અને ભલાઈ સદકો છે

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે હ. રસુલે ખુદા (સ.અ.વ.) કહેતા : "દરેકે ભલાઈ અને દયા સદકો છે."

## ૨૯ બીજાઓને સદકો આપવા પહેલાં પોતાના બાળ બચ્ચાઓ સાથે ઉદારતા દર્શાવવી મુસ્તહબ છે.

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે એકવાર ત્રણ સાઈલોને સહાય આપી - જ્યારે ચોથો સાઈલ આવ્યો, ત્યારે આપે તેને કાંઈ આપ્યું નહિ. પછી ફરમાવ્યું અગર કોઈ શખ્સ પાસે ત્રીસ-ચાલીસ હજાર દીરહમ હોય અને આખી પુંજી દાનમાં દઈ દીએ, એટલે સુધી કે પોતાના માટે કે પરિવાર માટે કાંઈ બાકી ન રાખે, તો તેનો શુમાર એવા ત્રણ પ્રકારના લોકોમાં થશે જેમની દુઆ કબૂલ થતી નથી. એ ત્રણ પ્રકારમાંથી એક એવા લોકોનો છે કે જે પોતાનો સઘળો માલ પોતાની જવાબદારીઓથી બેદરકાર રહી આપી દીએ છે, અને પછી આજીજીપૂર્વક દુઆ કરે છે : "હે રબ ! મને રોજી આપ." તો તે વખતે જવાબમાં કહેવાય છે "શું મેં તારા માટે રોજી હાસલ કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો નહતો?"

(૨) હ. રસુલે ખુદા (સ.અ.વ.) મે ફરમાવ્યું, "જરૂરત માટે ઉપયોગમાં લીધા બાદ જે વધે તેમાંથી સદકો આપવો એ સર્વશ્રેષ્ઠ સદકો છે."

(૩) હ. ઈમામે જઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે હ. રસુલે ખુદા (સ.અ.)ની શિખામણ એ હતી કે "દરેક ભલાઈ -નેકી એક સદકો છે, અને બેહતરીન સદકો સમૃદ્ધિ, કિફાયત અને વિપુલતાના સમયે અપાએલો સદકો છે.



## ૩૦ હરામ માલમાંથી સદકો આપવો જાએઝ નથી

(૧) હ. ઈમામે જઅફરે (અ.સ.) થી રિવાયત છે, જેમાં આપે ફરમાવ્યું કે એક કોમ હતી જેની પાસે ઈસ્લામ સ્વીકાર પહેલાં ગંદી કમાણી એકઠી થઈ હતી. જ્યારે તેઓ મુસલમાન થયા ત્યારે એમને પોતાની એ ખબીસ કમાણી પ્રત્યે નફરત થઈ અને ઈરાદો કર્યો કે તે માલને સદકારૂપે આપી દીએ. પરવરદિગારે તેમને સાવચેત કર્યા કે તેની કુરબત માટે શરત છે કે પાક કમાણીમાંથી જ દેવામાં આવે."

## ૩૧ જમાડવું મુસ્તહબ છે

(૧) મુહમ્મદ બિન અલિય્યુબ્નુલ હુસયને હ. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું : "નજાત અપાવનારી ચીજોમાંથી એક છે હાજતમંદોને જમાડવું, ત્યાર બાદ છે સલામની શરૂઆત પોતાતરફથી કરવી અને જ્યારે લોકો રાત્રે ભરનિંદ્રામાં સુતા હોય ત્યારે નમાઝ પડવી."

(૨) હીશામ બિન હકમે હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) થી રિવાયત કરી કે આપે ફરમાવ્યું : "અલ્લાહની નઝદીક સૌથી પ્રિય અમલ એ છે કે ભુખ્યા મોઅમીનને પેટભરી જમાડવું, અથવા તેના સંકટને દૂર કરી દેવું, અથવા તેના કરજની અદાયગી કરવી.

(૩) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.) મે ફરમાવ્યું કે હ. રસૂલે ખુદા (અ.સ.)ની બારગાહમાં એવા કયદીઓ રજુ થયા જેમને મારી નાખવાનો હુકમ હતો. પ્રથમ એક જણને લઈ આવવામાં આવ્યો ત્યારે જિબ્રઈલે આવીને કહ્યું : "અય રસૂલ, આ માણસને આજે રહેવા દો." ત્યાર પછી બીજાઓની રજુઆત થતી ગઈ, અને તેમને સૌને કતલ કરવામાં આવ્યા. છેલ્લે એજ માણસને હાજર કરવામાં આવ્યો ત્યારે ફરી જિબ્રઈલે આવીને કહ્યું : "હે રસૂલ !

## ૩૪ ઈમાની ભાઈઓ સાથે નેકી કરવી મુસ્તહબ છે

(૧) હ. ઈમામે જઅફરે સાદિક (અ.સ.)મે ફરમાવ્યું : "તમારામાંથી સૌથી શ્રેષ્ઠ એ લોકો છે જે ઉદાર છે. અને સૌથી બદતર એ છે કે બખીલ છે. અને ઈમાનની ચોખ્ખાઈની નીશાની એ છે કે ઈમાની બિરાદરો સાથે નેકી કરવી અને તેમની હાજતો પૂરી કરવાની કોશિશ કરવી. બેશક દીની ભાઈએ ઉપર એહસાન કરનારને પરમ દયાળુ પરવરદિગાર બહુ જ ચાહે છે. કારણકે એવી નેકીઓમાં શયતાની અણગમો અને જહન્નમની આગથી બચવાનો રસ્તો રહેલો છે અને એના જ પરિણામે જન્નતમાં દાખલ થવાય છે."

(૨) અલી ઈબ્ને ઈબ્રાહીમે પોતાની તફસીરમાં લખ્યું છે કે કોઈ શખ્સે હ. ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) ની ખિદમતમાં હાજર રહી દવલતમંદોનો ઝિકર કર્યો, પછી તેમને વખોડવા લાગ્યો.

હઝરતે ફરમાવ્યું : "ખામોશ રહે, જે તવંગર સીલેરહમ કરે છે, અને પોતાના ભાઈઓ સાથે નેક વર્તાવ કરે છે, તેને ખુદા બમણો અજ્ર આપે છે. કારણ કે ખુદા કુરઆનમાં ફરમાવે છે.

"અને તમારી દવલત કે અવલાદ તમને અલ્લાહની નઝદીક લાવી નહિ શકે; માત્ર એ લોકો (અલ્લાહની નઝદીક હોય છે) કે જેઓ ઈમાન લઈ આવ્યા, અને નેક કાર્યો બજાવી લાવ્યા, તો તેઓને (ખુદાવન્દે કરીમ) એમના અઅમાલ સામે અનેકગણો અજ્ર આપશે, અને તેઓનો ઉચ્ચ ઓરડાઓમાં સલામતી સહિત નિવાસ હશે." (સુ. સબા-આયત-૩૭)



## અલ્લાહની રાહમાં ખર્ચ

જે લોકો પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે પછી જે ખર્ચ્યું છે તેનો ઉપકાર ચઢાવતા નથી તેમ (દાન સ્વીકારનારને) કાંઈ ઈજા પણ પહોંચાડતા નથી, તેમની માટે તેમની પરવરદિગાર પાસે (સુંદર) બદલો છે અને તેમને ન તો કંઈ ભય રહેશે ન તો ઉદાસ થશે.

માયાળુ શબ્દો અને ક્ષમાવૃત્તિ એવા એક દાન કરતાં બહેતર છે કે જે (દાન)ની પાછળ ઈજા હોય; અને અલ્લાહ બેપરવા (અને) સહનશીલ છે.

(સુ. બકરહ, આયત નં. ૨૬૨, ૨૬૩)

# અલ્લાહની રાહમાં ખર્ચ

તે લોકોનો દાખલો કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે એક કણના દાખલા જેવો છે કે જેમાંથી સાત ડુંડા ઉગે છે કે (જેના) દરેક ડુંડા (કણસલા)માં સો દાણા હોય છે: અને અલ્લાહ જેના માટે ચાહે છે બમણા – ચોગણા કરી દે છે: અને અલ્લાહ સર્વવ્યાપી (અને) સર્વજ્ઞ છે.

(સુ. બકરહ, આયત નં. ૨૬૧)




: પ્રકાશક :

**ધી કાઉન્સીલ ઓફ ગુજરાત**

ખો. શી. ઈ. અ. જમાત, કાઉન્સીલ હાઉસ, મહુવા.

ફોન : ૨૩૬૫૪ ફેક્સ : ૨૩૩૩૨


ડિઝાઈન / પ્રિન્ટીંગ : [illegible]

# ✿ ✿ ✿ અનુક્રમણિકા ✿ ✿ ✿


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | સદકા માટે તવંગરો, ગરીબો તેમજ કરજદારોને તાકીદ. | ૧ |
| ૨ | બિમારો માટે સદકો સુન્નત છે. | ૩ |
| ૩ | પોતાની અવલાદ વતી સદકો આપો અને બચ્ચાઓને પોતાના હાથે સદકો આપવાનું કહો. | ૪ |
| ૪ | પોતાના હાથે સદકો આપો, જેને દીએ તેની પાસે દુઆની યાચના કરે. | ૫ |
| ૫ | વારંવાર સદકો આપવો મુસ્તહબ. | ૬ |
| ૬ | ઓછા પ્રમાણમાં સદકો. | ૬ |
| ૭ | દરરોજ વ્હેલી સવારે સદકો / સદકો આપવા માટે નિય્યત જરૂરી છે. | ૭ |
| ૮ | સવારે, રાતે અને ઘરની બહાર નીકળો ત્યારે સદકો આપવો. | ૮ |
| ૯ | સુન્નત સદકો છુપી રીતે આપવો. | ૮ |
| ૧૦ | રાતે સદકો આપવો મુસ્તહબ. | ૯ |
| ૧૧ | મુબારક દિવસોમાં અને માહે મુબારકે રમઝાનમાં સદકો આપવાની ફઝીલત. | ૯ |
| ૧૨ | સદકો ક્યારે આપવો ? | ૧૦ |
| ૧૩ | રાતે માગનારને પાછો ન ફેરવવો. | ૧૦ |
| ૧૪ | તમામ સુન્નત ઈબાદતોમાં સદકાની વિશીષ્ટતા | ૧૧ |
| ૧૫ | સગાને પ્રાથમિકતા આપો. | ૧૧ |
| ૧૬ | સાઈલને પાછો ફેરવવો મકરૂહ છે. | ૧૨ |
| ૧૭ | ત્રણવાર આપી દીધા પછી સાઈલને રદ કરી શકાય છે | ૧૨ |
| ૧૮ | આપનારે દુઆ માટે વિનંતી કરવી-લેનારે દુઆ કરવી. | ૧૨ |
| ૧૯ | મુસ્તહીક સુધી સદકો પહોંચાડવામાં મદદરૂપ થવુ મુસ્તહબ છે. | ૧૩ |
| ૨૦ | પોતાના નફસને સંકટમાં મુકીને થોડો ભાગ આપવો મુસ્તહબ. | ૧૩ |
| ૨૧ | સદકાથી બરકત. | ૧૫ |
| ૨૨ | જરૂરત વિના માંગવું હરામ છે. | ૧૫ |
| ૨૩ | જરૂરત વગર માગવા સામે અણગમો. | ૧૫ |
| ૨૪ | મોહતાજી તંગદસ્તી જાહેર કરવી મકરૂહ. | ૧૬ |
| ૨૫ | લોકોથી બેનિયાઝ રહેવું મુસ્તહબ છે. | ૧૬ |
| ૨૬ | સદકો આપ્યા પછી ઉપકાર બતાવવો ન જોઈએ. | ૧૭ |
| ૨૭ | માગે તે પહેલાં આપો. | ૧૭ |
| ૨૮ | દયા અને ભલાઈ સદકો છે. | ૧૮ |
| ૨૯ | પોતાના બાળ-બચ્ચાઓ સાથે ઉદારતા દર્શાવવી મુસ્તહબ છે. | ૧૮ |
| ૩૦ | હરામ માલમાંથી સદકો આપવો જાએઝ નથી. | ૧૯ |
| ૩૧ | જમાડવું મુસ્તહબ છે. | ૧૯ |
| ૩૨ | પોતાની અતિપ્રિય વસ્તુ સદકામાં આપો. | ૨૦ |
| ૩૩ | પાણી પીવડાવવાની તાકીદ. | ૨૧ |
| ૩૪ | ઈમાની ભાઈઓ સાથે નેકી કરવી મુસ્તહબ છે. | ૨૨ |